## પાણીના પોકારો વચ્ચે મહિલાઓને બેડાં ઉંચકવાનો ખાસ્સો ભાર વર્તાઈ રહ્યો છે..!

"પાની રે પાની... તેરા રંગ કૈસા..." આજકાલ ચારેબાજુ પાણી પાણીના પોકારો થઈ રહ્યાં છે. ક્યાંક અનરાધાર વરસાદે આખે આખા શહેરોને ડુબાડ્યા છે તો આપણું ગાંધીનગર ભર ચોમાસે પાણીના પોકારો કરી રહ્યું છે.

ભરપૂર પાણી હોવા છતાં ક્યારેક ડોહળાં પાણીની સમસ્યા ઉદ્‌ભવે છે. તંત્રના કહેવા મુજબ ડોહળાશ ઓછી કરવા પાણીનુ પ્રેશર ઘટાડવામાં આવ્યુ છે એટલે શહેરમાં પાણીના પોકારો થઈ રહ્યા છે.

ડૉલ ઉંચકવાનો અને માથે બેડુ ઉંચકવાનો ભાર વર્તાઈ રહ્યો હોય તો એટલું જાણી લો કે સમગ્ર

### ટાઈમ પ્લીઝ

શહેરના કેટલાય વિસ્તારોમાં ટેન્કરરાજ પાછુ આવ્યુ છે. પાણી મામલે દાયકાઓથી સાહ્યબીમાં રહેલી ગાંધીનગરની મહિલાઓને માથે બેડાં ઉંચકવાનો ખાસ્સો ભાર વર્તાઈ રહ્યો છે. ડહોળી પાણી, ઓછુ પાણી, સમયસર ન આવતુ પાણીની ફરિયાદો આ વખતે કંઈક વધુ જ સાંભળવા મળી રહી છે. દોષનો ટોપલો તંત્ર અને સરકારનો માથે નાંખવામાં પાવરધા આપણે સૌ પાણી મામલે પણ દોષરોપણમાં ક્યાં પાછા પડીએ છીએ. તંત્રનો વાંક થોડો ઘણા હશે એમાં ના નહી પરંતુ સો ટચના સોના જેવી ચોખ્ખી વાત એ છે કે આજે પણ ગાંધીનગરાઓ માથાદીઠ પાણી વપરાશમાં સૌથી વધુ અવલ્લ છીએ. પાણી પાણીના રોદણાં રોવાનો હક આપણને નથી જ... શહેરના પાણી વિતરણના આંકડાઓ આ બાબતની સાબિતી આપે છે. શહેરમાં ચરેડી અને સરીતા ઉદ્યાનની ટાંકીઓમાંથી જૂના અને નવા સેક્ટરોને સવારે એકજ ટાઈમ લગભગ અઢી કલાક પાણી વિતરણ કરવામાં આવે છે. વસ્તી વધતાં અને પાણીની જરૂરીયાતને પહોંચી વળવા હજુ થોડાક જ સમય પહેલાં પાઈપલાઈનનું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. અલબત્ત ફીલ્ટરેશન પ્લાન્ટની ક્ષમતા ન વધારાતા ચોમાસામાં દેશમાં પાણીનો સૌથી વધુ વપરાશ કરતા વીસ શહેરોમાં ગાંધીનગર મોખરે છે. એશિયન ડેવલોપમેન્ટ બેન્કે આપેલા રીપોર્ટમાં જે આંકડા દર્શાવાયા છે તે આપણી આંખો ઉઘાડવા માટે પૂરતા છે. મુંબઈ, બેંગ્લોર અને ચેન્નાઈ જેવા શહેરો કરતાં પણ ગાંધીનગરાઓનો પાણીનો વપરાશ અનેકગણો વધુ છે. ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં પાણીનો માથાદીઠ વપરાશ ૧૪૦ થી ૧૪૫ લીટર છે તો પાટનગર ગાંધીનગરના વસાહતીઓ આ મામલે અનેક અનેક ગણા સુખી છે. અહીં માથાદીઠ પાણીનો વપરાશ ૨૭૫ લીટર કરતાં પણ વધુ છે એટલે અન્ય શહેરો કરતા લગભગ બમણો... દાયકાઓ સુધી આપણે ખૂબ પાણી વાપર્યુ... પાણીનો વપરાશ ઓછો કરવા ખૂબ સમજાવાયા... પરંતુ ટૂંક સમયમાં શહેરમાં પાણીનો વપરાશ અન્ય શહેરો કરતાં ખૂબ ઓછો થઈ જશે.

ઘભરાશો નહી... પાણીનું વિતરણ ઓછુ નહી કરાય પરંતુ પાણીનુ મૂલ હવે આપણને ખરાં અર્થમાં સમજાવવા તંત્ર મીટર દ્વારા પાણી આપવાની વ્યવસ્થામાં ચોક્કસપણે લાગી ગયુ છે. મફતના ભાવમાં પાણી નહી મળે એટલે આપોઆપ જ વપરાશ ઘટી જશે ને... જે બાત..!

# આજે શહેરમાં જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાશે

**જન્માષ્ટમીએ બાળકૃષ્ણને પારણે ઝુલાવવા ભાવિકોમાં અનોખો ઉત્સાહ : જન્માષ્ટમીના પર્વને અનુલક્ષી વિવિધ મંદિરોમાં નંદ મહોત્સવ, મટકી ફોડ, રાસ ગરબા આરતી ,ભજન , વિશિષ્ટ હીંડોળા દર્શન સહીતના કાર્યક્રમો : પવિત્ર શ્રાવણ મહીનામાં શિવ અને કૃષ્ણ ભક્તિનો અનોખો સમન્વય જોવા મળશે : ભાવિકોમાં ઉત્સાહ : સેકટરોમાં વિવિધ ધાર્મિક સ્થળો ઉપરાંત સોસાયટીઓમાં પણ જન્માષ્ટમી પર્વની પારિવારિક માહોલમાં ભક્તિભાવથી ઉજવણી કરાશે**



ગાંધીનગર તા ૨૩

નંદ ઘેર આનંદ ભયો.. જય કનૈયા લાલ..કી .. ના જયઘોષથી મોડીરાત્રે નગર કૃષ્ણભકિતમાં તરબોળ થશે. આજે જન્માષ્ટમીના પર્વ નિમિત્તે નગરમાં શિવ અને કૃષ્ણ ભક્તિનો રંગ જામશે. જન્માષ્ટમી ઉજવણી નિમિત્તે ધાર્મિક સ્થળોએ નંદ મહોત્સવ , રાસ ગરબા, મટકી ફોડ , ભજન આરતી સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. પવિત્ર શ્રાવણ માસમાં ભોળાનાથની ભકિત અર્ચના સાથે ભાવિકોમાં કૃષ્ણભક્તિનો અનોખો સમન્વય જોવા મળશે.

નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી...ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની ભવ્ય ઉજવણી માટે ભાવિકો ઉત્સુક છે. આજે જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે શહેર તેમજ જિલ્લાના વિવિધ ધાર્મિક સ્થળોએ જન્માષ્ટમીની દિવ્ય અને ભવ્ય ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. ભગવાનને પારણે ઝુલાવવા ઉત્સુક ભાવિકો કૃષ્ણ જન્મતોત્સવ અનુલક્ષી આનંદોની લાગણી વ્યાપી છે. શહેરના વિવિધ મંદિરોમાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે નંદ મહોત્સવ ,આરતી , ભજન ,ધુન, હીંડાળા દર્શન , રાસ ગરબા , મટકી ફોડ સહીતના અનેકવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. જન્માષ્ટમી શ્રાવણના પવિત્ર દિવસોમાં હોવાથી આ પર્વનુ મહત્વ વધી જાય છે. જયારે ભાવિકોનો ઉત્સાહ પણ બેવડાય છે. હાલ શ્રાવણ મહીનાના લીધે નગરના શિવમંદિરોમાં પણ શિવભક્તોની રોજ ભીડ જામે છે. નગરના શિવાલયોમાં ઓમ નમઃ શિવાયનો સતત જયઘોષ સંભળાય છે. ભગવાન ભોળાનાથની પુજા ભક્તિમાં ભાવિકો તલ્લીન બન્યા છે. જયારે આજે જન્માષ્ટમીના પર્વ દરમિયાન શિવજીની સાથે ભાવિકો કૃષ્ણભક્તિના રંગે પણ રંગાશે. રાત્રિના ૧૨ કલાકે કૃષ્ણજન્મોત્સવની સાથે રાસ ગરબા તેમજ મટકી ફોડ સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી ના જયઘોષ સાથે નગરના મંદિરોમાં ભાવિકો બાળકૃષ્ણને હેતે પારણે ઝુલાવશે. શહેરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર, સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલી, સે-૨

● અનુસંધાન પાન-૭ પર

## મનપાના સેક્રેટરીનું રાજીનામુ નામંજૂર કરી પુનઃ હાજર કરવા આદેશો આપ્યા

**કમિશ્નરની વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે આગામી દિવસોમાં ઘર્ષણ વધશે તેવા સંકેતો**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ મનપાના સેક્રેટરી પિનાકીન જોશીનુ રાજીનામુ નામંજૂર કરી અને તેમને પુનઃ હાજર થવાના આદેશો આપતાં વહીવટીય પાંખ અને સત્તાધારી પાંખ વચ્ચે આગામી દિવસોમાં આકરા સંબંધો બનશે તેવા સંકેત મળી રહ્યા છે.

મ્યુનિ. કમિશ્નરશ્રી દ્વારા આજે સ્થાયી સમિતિની બેઠક પૂર્વે રજુ થયેલા પૂરક એજન્ડામાં જોશીના રાજીનામાનો મુદ્દો હતો. જોશીને સામાન્ય સભાના પ્રોસીડીંગ માટે કરેલા આગ્રહ અને દબાણને વસ ના થતાં નોટીસ ફટકારવામાં આવી હતી. જેના વિરોધમાં જોશીએ સેક્રેટરી પદેથી રાજીનામુ ધરી દીધુ હતુ.

આ મુદ્દે સામાન્ય સભામાં પણ હોબાળો થયો હતો પરંતુ તે

● અનુસંધાન પાન-૭ પર

## અમીત શાહ ૨૯મીએ ગાંધીનગરમાં

**અમીત શાહના અધ્યક્ષપદે ૨૯મીએ દિશાની બેઠક મળશે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રચાયેલ "દિશા"ની બેઠક કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહના અધ્યક્ષપદે આગામી ૨૯મી ઓગષ્ટના રોજ ગાંધીનગર સરકીટહાઉસ ખાતે બપોરે ૨.૩૦ કલાકે મળશે.

આ બેઠકમાં કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓની ચાલી રહેલી અમલવારી અંગે સમીક્ષા કરવામાં આવનાર છે. આ બેઠકમાં ગાંધીનગરના સાંસદ ઉપરાંત અમદાવાદ પૂર્વ, મહેસાણાના સાંસદ તેમજ ગાંધીનગર જિલ્લાના પાંચેય ધારાસભ્યો, ગાંધીનગર મનપાના મેયર, જિલ્લા પંચાયત પ્રમુખ, પેથાપુર નગરપાલિકાના પ્રમુખ, ચારેય તાલુકા પંચાતના પ્રમુખો, ઈસંડ, વિજયનગર, રાયસણ, રામપુરા, વેલપુરાના સરપંચો, સીની. સુપ્રિ. ઓફ પોસ્ટલ લીડબેંક ઓફિસર હાજર રહેશે. બપોરે ૨.૩૦ વાગે મળનારી આ બેઠકમાં કેન્દ્રની વિવિધ ફ્લેગશીપ યોજનાઓ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ૩૭૧૨ પાત્રોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા

**ટીમોએ શહેરમાં ૫૯ હજારથી વધુ મકાનોની અંદર ૧,૨૬,૪૨૧ પાત્રોની ચકાસણી દરમ્યાન ૩૦૧૭૮ પાત્રોનો નાશ કરવામાં આવ્યો**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરી અર્બન મેલેરિયાની ટીમે વરસાદ રોકાઈ ગયા પછી ઘરે ઘરે ફરી કરેલા સર્વેમાં ૩૭૧૨ સ્થાનોએથી એડીસ મચ્છરોના બ્રીડીંગ પકડી પાડ્યા છે.

શહેરી મેલેરિયા તંત્રની ટીમના જણાવ્યાનુસાર તેમની ટીમોએ શહેરમાં ૫૯ હજારથી વધુ મકાનોની અંદર ૧,૨૬,૪૨૧ પાત્રોની ચકાસણી કરી હતી. આ દરમ્યાન ૩૦૧૭૮ પાત્રોનો નાશ કરવામાં આવ્યો હતો.

આ અંગે તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ઓગષ્ટ માસમાં મેલેરિયાના ૧૬ કેસ મળી આવ્યા છે જેમાં સાત સરકારી દવાખાનામાં તો ૯ ખાનગી દવાખાનાઓમાં નોંધાયે છે. જાન્યુઆરીથી ઓગષ્ટ માસ સુધીમાં ૧૦ કેસ ડેન્ગ્યુના નોંધાયા હોવાનું પણ જણાવ્યુ છે.

શહેરમાં વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો પણ અર્બન મેલેરિયા તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. મચ્છરોના ઉત્પતિ કેન્દ્રો એવા ખાડાઓમાં પણ બીટીટી પ્રવૃતિ કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાંથી મળી આવેલા બ્રિડીંગ પછી સત્તાવાળાઓનું ધ્યાન દોરવામાં આવ્યુ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં બાયોલોજીસ્ટની જગ્યા નાબુદ થઈ ગઈ હોવા છતાંય સઘન કામગીરી ચાલી રહી છે. આ અંગે તંત્રએ જુદી જુદી ટીમો બનાવી છે તેમજ શહેરમાં વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તારોને ઓળખી કાઢી ત્યાં પરિસ્થિતિ વણસે નહિ તે માટે અલાયદો રોડમેપ પણ તૈયાર કરવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

**શહેરમાં વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તારોને ઓળખી કાઢી ત્યાં પરિસ્થિતિ વણસે નહિ તે માટે અલાયદો રોડમેપ પણ તૈયાર કરાયો**

## મેયરની જાહેરાત બાદ પણ પાણી પુરવઠો પુરા ફોર્સથી ન આવતાં નગરજનો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલે ગાંધીનગરમાં પાણીનો પુરવઠો પૂર્વવત ચાલુ થઈ જશે તેવી કરેલી જોરશોરથી વાતનું સુરસુરિયુ થઈ ગયુ છે. શહેરમાં આજે પણ પાણી પુરા ફોર્સથી આવતુ નથી.

મેયરે આ જાહેરાત કરી ત્યારે પાણીને ઉકાળી તેમજ ગાળીને વપરાશમાં લેવાની અપીલ પણ કરી હતી પરંતુ શહેરમાં પાણી પુરવઠાના ફોર્સમાં કોઈજ ફેર પડ્યો નથી.

કોંગ્રેસ પક્ષે સામાન્ય સભામાં પૂરા ફોર્સથી પાણી જુના સેક્ટરોમાં આવતુ નથી તેમજ શહેર પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહેલ છે એટલે ટેન્કરથી પાણી પુરૂ પાડવા માંગ કરી હતી. આ પછી બીજા જ દિવસે મેયરે પાણી પુરવઠા બોર્ડ, પાટનગર યોજના અને ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર


### બ્રહ્મભટ્ટ બેસણું



**રસિકલાલ જીવણલાલ બ્રહ્મભટ્ટ** તા. ૨૨/૮/૨૦૧૯, ગુરૂવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૫/૮/૨૦૧૯, રવિવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦** સુધી નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી તિરૂપતિ બાલાજી મંદિર, શોપીંગ સેન્ટર પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર**

લી.

**કોકિલા રસિકલાલ બ્રહ્મભટ્ટ** — **મલ્લિકા મેહુલકુમાર બ્રહ્મભટ્ટ**
**રીટા રસિકલાલ બ્રહ્મભટ્ટ** — **દેવેશ મેહુલકુમાર બ્રહ્મભટ્ટ**

**મો. ૯૯૧૩૫૬૮૮૩૪**

### બેસણું



અમારા પ.પૂ.પિતાશ્રી **પ્રવિણસિંહ સરતાનસિંહ વાઘેલા** (ગામ-ધનાળા(ભાલ), હાલ ગાંધીનગર (નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર)નું તા. ૨૨/૮/૨૦૧૯ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૬/૮/૨૦૧૯ને સોમવારના રોજ સવારે ૯-૦૦ કલાકેથી** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૩૫૪/૨, સેક્ટર-૩/બી, ચર્ચની પાસે, ગાંધીનગર. મો. ૯૬૮૭૬૪૬૭૭૭/૯૮૨૫૪ ૦૩૬૪૪**

લિ.

ખોડુભા પ્રવિણસિંહ વેઘાલ (પુત્ર) — જદુવીરસિંહ છત્રસિંહ જાડેજા (જમાઈ રાજ)
દક્ષરાજસિંહ ખોડુભા વાઘેલા (પૌત્ર) — કાર્તિકસિંહ જદુવીરસિંહ જાડેજા (ભાણુભા)
મંત્રદેવસિંહ ખોડુભા વાઘેલા (પૌત્ર)

### અશ્રુભિની શ્રદ્ધાંજલિ



સમય જિંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી.
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી.
આશા તમારી અધૂરી રહીને આંખ મિચાઈ ગઈ
તમારી આમ અચનાક આવેલી વિદાય કાળજુ
અમારુ કંપાવી ગઈ પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર
શાંતિ અર્પે તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના અમારી...

અમારા સાથી કોર્પોરેટરશ્રી શૈલેન્દ્રસિંહના સુપુત્ર

**સ્વ.જયરાજસિંહ શૈલેન્દ્રસિંહ બિહોલા**

સ્વ.તા.૨૧-૦૮-૨૦૧૯, ગામઃ- પાલજ

રોશનબેન યુસુફભાઈ પરમાર, કોર્પોરેટરશ્રી, વોર્ડ નં.૨, G.M.C.
હસમુખકુમાર જુગાજી મકવાણા (લાલસિંહ) કોર્પોરેટરશ્રી, વોર્ડ નં.૨,G.M.C.
લલિતાબેન વાઘાજી ઠાકોર, કોર્પોરેટરશ્રી, વોર્ડ નં.૨, G.M.C.


## 'ખેડબ્રહ્મા અંદાજી માતાનો ભાદરવી પુનમનો મેળો

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ખેડબ્રહ્મા મુકામે ચાલુ વર્ષે ભાદરવી પુનમનો મેળો તા. ૭/૯/૨૦૧૯ થી ૧૪/૯/૨૦૧૯ સુધી દિન-૮ (આઠ) માટે યોજાનાર છે. આ મેળામાં શ્રીફળ, ચુંદડી, પ્રસાદ, ચા-નાસ્તો, ખાણીપીણી, પુસ્તકો, મનોરંજન આઈટમો વિગેરેના લારીગલ્લા સ્ટોલ મુકવા સદરહુ માતાજી ગામતળ તરીકે ઓળખાતી જમીનમાં ચાલુ વર્ષે પ્લોટો પાડી જાહેર હરાજીથી ફાળવવાના થાય છે. જેમાં માતાજી ગામતળની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ તા. ૭/૯/૨૦૧૯ થી ૧૪/૯/૨૦૧૯ સુધી દિન-૮ (આઠ) માટે જાહેર હરાજીથી ભાડે આપવા માટે ટાવર પાસે માતાજી ગામતળ, અંબિકા માતાજી મંદિર, ખેડબ્રહ્મા, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા મુકામે તા. ૩/૯/૨૦૧૯ (મંગળવાર)ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે જાહેર હરાજી રાખવામાં આવેલ છે. સબબ હરાજીમાં રસ ધરાવનાર ઈસમોને હરાજીમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીમાં હાજર રહેનાર ઈસમોએ ફરજીયાતપણે હરાજી સ્થળ ઉપર પાસપોર્ટ સાઈઝના ૨ (બે) ફોટા, આધાર કાર્ડ અને ચુંટણી કાર્ડ રજૂ કરવાના રહેશે અન્યથા હરાજીમાં ભાગ લઈ શકશે નહી. હરાજીની શરતો હરાજી ચાલુ કરતાં અગાઉ સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

સ્થળ : ખેડબ્રહ્મા — સહી/-
તા. ૨૩/૮/૨૦૧૯ — મામલતદાર, ખેડબ્રહ્મા





www.capitaloffset.in

### કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN® · ashirvad · BENELAVE™ · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

### જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com